ગાંધીનગર સમાચાર

ઉત્તર ગુજરાત

# સાબરકાંઠા - અરવલ્લી

તા. ૮-૩-૨૦૨૧, સોમવાર ૫

હિંમતનગર । મોડાસા । બાયડ । ભીલોડા । ખેડબ્રહ્મા । તલોદ । શામળાજી । પ્રાંતિજ । ધનસુરા । પોશીના । હરસોલ । ઈડર । વિજયનગર । માલપુર । મેઘરજ । વડાલી । ખંભીસર



**ધનસુરા શ્રી આર. એસ. વી. જી. પટેલ ગર્લ્સ હાઈસ્કૂલમાં કસોટી**

ધનસુરા શ્રી આર એસ વી જી પટેલ ગર્લ્સ હાઈસ્કૂલમાં ધોરણ ૧૦ અને ૧૨ની કસોટી યોજાઈ હતી. હાઈસ્કૂલમાં રવિવારના રોજ કસોટી યોજાઈ હતી. સોશિયલ ડીસ્ટન્સ અને કોરોના ની ગાઈડ લાઈન પ્રમાણે આ કસોટી યોજાઈ હતી. ધોરણ ૧૦ અને ૧૨ના વર્ગો શરૂ થયા છે ત્યારે આ કસોટી યોજાઈ હતી. મંડળના ટ્રસ્ટી મોતીભાઈ પટેલ, પ્રમુખ કાંતિભાઈ પટેલ, મંત્રી ધીરૂભાઈ પટેલ, સહમંત્રી હસમુખભાઈ પટેલ, મંત્રી ગોવિંદભાઈ પટેલે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

# કોરોના વિસ્ફોટ : જિલ્લામાં કોરોનાની બીજી લહેર, ૨૦૦થી વધુ શંકાસ્પદ

## અનેક વિસ્તારો કન્ટેન્ટમેન્ટ ઝોન જાહેર કરાયા

બાયડ, તા. ૭

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યનો ચૂંટણી જંગ પુરો થયા પછી કોરોનાની બીજી લહેર જોવા મળી. જિલ્લામાં પાછલા સપ્તાહમાં ૨૦૦ થી વધુ શંકાસ્પદ કેસ નોંધાયા તે પૈકી ૫૦થી વધુ પોઝીટીવ હોવાનું બહાર આવ્યુ છે. સરકાર દ્વારા કોવિડ-૧૯ હોસ્પિટલનું શટર પાડી દેતાં દર્દીઓને ખાનગી હોસ્પિટલોમાં સારવાર લેવાની ફરજ પડે છે. અરવલ્લી કલેક્ટર દ્વારા કોરોનાના કેસમાં ઉછાળો આવતાં કેટલાક વિસ્તારો કન્ટેન્ટમેન્ટ ઝોન જાહેર કરાયા છે.

ગત વર્ષ કોરોનાએ હાહાકર મચાવ્યા પછી વર્ષ-૨૦૨૧ના આરંભે કોરોનાને હરાવવા વેક્સીન આવી. ફ્રન્ટલાઈન કોરોના વોરીયર્સને રસીકરણ પછી સિનીયર સીટીઝનને રસીકરણ થઈ રહ્યુ છે. કોરોના કાબુમાં આવશે તેવી આશા હતી પરંતુ સાબરકાંઠા-અરવલ્લીની પ્રજાએ હવે ચેતવાનું જરૂર છે. સાઠંબાથી પોશીના સુધીના વિસ્તારમાં કોરોનાની બીજી લહેર જોવા મળી. બીજી લહેર પ્રાણઘાતક નથી પરંતુ પ્રજાને મુશ્કેલીમાં મુકી શકે છે. જિલ્લામાં પાછલા ૩ દિવસમાં કોરોના શંકાસ્પદ ૨૦૦ કેસ બહાર આવ્યા છે. મોડાસા, બાયડ, હિંમતનગરમાં કોરોનાના સૌથી વધુ શંકાસ્પદ કેસ આવ્યા છે છતાં સોશ્યલ ડીસ્ટન્સ, માસ્ક પહેરવાનું ભુલાયુ છે. જેથી કોરોના આગામી દિવસોમાં હાહાકાર મચાવો તે નવાઈ પામવા જેવું નહી હોય.

# શિક્ષણમાં પરિવર્તનની લહેર દેખાશે !!

**ઉત્તર ગુજરાતમાં ધો. ૩, ૫ અને ૮ ના વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપે તો ''અચરજ''ના અનુભવશો : શિક્ષણવિદ્દોએ વિચાર રજૂ કર્યો**

બાયડ, તા. ૭

ધો. ૩, ૫ અને ૮ ના વિદ્યાર્થીઓ ધો. ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓની જેમ બોર્ડની પરીક્ષા આપશે !! આવુ કોઈ કહે તો માન્યામાં જ ન આવે પરંતુ હવે સમય સાથે શિક્ષણ વિભાગમાં પણ પરિવર્તનની લહેર જોવા મળી શકે છે. રાજ્ય સહીત ઉત્તર ગુજરાતના પ્રા. શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે પણ બોર્ડ પરીક્ષા લેવાની રજૂઆત થઈ છે. આ નિર્ણયથી વિદ્યાર્થી-વાલીઓનો તણાવ વધશે કે ઘટશે !! તે કહેવુ ઉતાવળીયુ છે.

મળેલી જાણકારી અનુસાર શિક્ષણની પીછેહઠ માટે અનેકવાર પસ્તાળ પડી છે પરંતુ હવે ગુણાત્મક સુધારની શરૂઆત થઈ છે. જેમાં ધો. ૧ માં હવે અંગ્રેજી વિષયની શરૂઆત થઈ શકે છે. ધો. ૩, ૫, ૮ ના અંતે વિદ્યાર્થીઓ માટે ધો. ૧૦-૧૨ બોર્ડ પરીક્ષાની જેમ આયોજન રાજ્યકક્ષાએ કરવાનું રહેશે અને તેની કામગીરી જી.સી.ઈ.આર.ટી. તેમજ રાજ્ય પરીક્ષા બોર્ડ અને માધ્યમિક શિક્ષણ બોર્ડને આપવામાં આવે તેવી રજૂઆત થઈ છે. આ નિર્ણય માત્ર સરકારી પ્રા. શાળા માટે છે પરંતુ ખાનગી શાળાના વિદ્યાર્થીઓને પણ તે લાગુ પડશે.

**સાબરકાંઠા - અરવલ્લી જીલ્લામાં**

# હોળી આવતા જ રાજસ્થાની પરિવારો આગવી શૈલીમાં બજારમાં ગોઠ ઉઘરાવવા નીકળ્યા

**નગરજનો અને વેપારીઓ દ્વારા ફાગણ ગીતો ગવડાવી રાજસ્થાની પરિવારોને બક્ષિસ આપી રહ્યા છે**

બાયડ, હિંમતનગર, તા.૦૭

દર વર્ષે ફાગણ માસની પુનમના દિવસે માર્ચ મહિનામાં આવતો લોકપ્રિય હિંદુ તહેવાર એટલે હોળી. હોળી અને ધુળેટી માત્ર ભારતમાં જ નહીં,અન્ય દેશોમાં પણ ઉત્સાહ અને ઉલ્લાસથી મનાવવામાં આવે છે. હોળીને 'રંગોનો તહેવાર' પણ કહેવાય છે. ગુજરાત અને ખાસ કરી સાબરકાંઠા - અરવલ્લી જીલ્લામાં હોળીને 'હુતાસણી'થી ઓળખવામાં આવે છે. હોળીના બીજા દિવસ ધુળેટીને 'પડવો' કહેવામાં આવે છે.

હોળી આવતા લોકો ખુબ ઉત્સાહિત થઈ જાય છે . વર્ષનો આ સમય વસંત ઋતુના



વધામણાનો સમય હોય છે. ખેતરો પાકથી લહેરાતાં હોય છે. યુવાન હૈયાં વસંતની સાથોસાથ ખીલી ઉઠે છે. કુદરતમાં પુષ્પોનો પમરાટ અને એક જાતની માદકતા છવાઈ જાય છે જે ઢોલીના ઢોલ સાથે ગવાતા ફાગણના ફાગ અને ધુળેટીના રંગોમાં રંગાઈને ઝૂમી ઉઠતાં જુવાન નર-નારીઓમાં જણાઈ આવે છે. એટલે તો હોળીને 'દોલયાત્રા' કે 'વસંતોત્સવ' તરીકે પણ ઓળખવામાં આવે છે. ત્યારે સાબરકાંઠા અરવલ્લી જીલ્લામાં ઘણાં અંતરિયાળ આદિવાસી વિસ્તારોમાં હોળી પ્રગટાવ્યા પછી તેની આસપાસ પારંપારીક નૃત્ય કરવામાં આવે છે. યુવાનો દ્વારા આ દિવસોમાં શોર્યપુર્ણ રમતો રમવામાં અને વિવિધ પારંપારીક હરીફાઈ યોજવામાં આવે છે, જેમકે ઘોડાદોડ, આંધળો પાટો, શ્રીફળ ફેંકવાની હરીફાઈ વગેરે. ગ્રામ્ય વિસ્તારોમાં ગામને પાદર આવેલા પૂર્વજોનાં પાળિયાઓનું પૂજન અર્ચન કરવામાં આવે છે. ઘણાં વિસ્તારોમાં હોળીનાં દિવસોમાં ગામ લોકો વાજતે ગાજતે ગામમાં બધાજ લતાઓ કે વિસ્તારોમાં ફરી અને હોળી માટેનો ફાળો (ગોઠ) ઉઘરાવવા નિકળે છે, આ લોકોને ઘૈરૈયાઓ કહેવાય છે.

ત્યારે સાબરકાંઠા જિલ્લાના વડામથક હિંમતનગરના સહકારી જીન વિસ્તારમાં રાજસ્થાની પરિવારો દ્વારા આગવી શૈલીમાં ફાગણ ગીતો ગાઈને નૃત્ય કરીને ગોઠ ઉઘરાવવા નીકળ્યાં હોય તેવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે રાજસ્થાની પરિવારો માટે હોળી પર્વ ખૂબ જ મહત્વનો ગણાય છે ત્યારે શહેરીજનો તથા વ્યાપારીઓ દ્વારા હોળી પૂર્વે રાજસ્થાની પરિવારોના આગવી શૈલીમાં ફાગણ ગીતો , લોક નૃત્ય કરીને બજારમાં ગોઠ ઉઘરાવવા નીકળતા શહેરીજનો સહિત વ્યાપારીઓ પણ તેમનું ઉમળકાભેર સ્વાગત કરી બક્ષિસ આપી રહ્યા છે.

# અરવલ્લી જિલ્લામાં ગમે તે ઘડીએ મોટો 'રાજકીય ભૂકંપ'

**ધુમાડો દેખાયો છે... આગ જરૂર લાગશે**

નવરચિત અરવલ્લી જિલ્લો કોંગ્રેસનો ગઢ છે તેવુ રહ્યુ નથી. ૨૮ ફેબ્રુઆરી-૨૦૨૧ના રોજ યોજાયેલ સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી જંગમાં ભાજપાએ ૯૦ ટકા બેઠકો મેળવી ઈતિહાસ રચતાં પ્રદેશ સંગઠન દ્વારા અરવલ્લી જિલ્લા ભાજપા સંગઠનની મજબૂત કામગીરીની નોંધ લેવાઈ છે. અરવલ્લી જિલ્લામાં હવે ગમે તે ઘડીએ મોટો રાજકીય ભૂકંપ જોવા મળી શકે છે. કોંગ્રેસની કારમી હારથી કોંગ્રેસની ભીતરમાં આગ બબુલાની સ્થિતિ છે તે જોતાં ધુમાડો દેખાયો છે એટલે આગ જરૂર લાગશે. રાજકારણમાં કોણ ક્યારે ક્યાં હોય તેની અટકળ લગાવવી મુશ્કેલ છે. સત્તાના લાલચુઓ કાચંડાની જેમ રંગ બદલતા જોવા મળ્યા છે. જો કે અરવલ્લી જિલ્લામાં તેનું પ્રમાણ નહીવત હતુ પરંતુ અરવલ્લી જિલ્લામાં ભાજપા સંગઠન અને કાર્યકરોની મહેનત રંગ લાવતાં કોંગ્રેસ છાવણીમાં સન્નાટો છે. આવનારા દિવસોમાં ભાજપાથી પ્રભાવિત થઈ કેટલાય 'તેજસ્વી'ઓ કમળનો સાથ આપી શકે છે. માત્ર હવે રાહ જોવાની છે. સમયની ગમે તે ઘડીએ મોટો રાજકીય ભુકંપ સર્જાઈ શકે છે. આની પાછળ મુખ્ય કારણ એ છે કે જિલ્લાના એક વરિષ્ઠ પોતાને કોંગ્રેસના ગોડ ફાધર ગણે છે અને ચંચૂપાત મર્યાદા વટાવતાં તેના પરીણામો જોવા મળી શકે છે.

# ઊંઝા નજીક ઉનાવા ગામની સીમમાંથી દારૂ ઝડપાયો

ઊંઝા, તા. ૭

ઊંઝા નજીકના ઉનાવા ગામની સીમમાં આવેલી એક ખેતરની ઓરડીમાં ભારતીય બનાવટનો નકલી દારૂ બનાવવામાં આવતો હોવાની હકિકતના આધારે મહેસાણા લોકલ ક્રાઈમ બ્રાંચે સ્થાનિક પોલીસને અંધારામાં રાખીને બપોરના સમયે દરોડો પાડી સ્થળ પરથી દારૂની બાટલીઓના જથ્થા સહિત કુલ ૨,૨૪,૬૫૦ રૂપિયાની કિંમતનો મુદ્દામાલ કબજે કરી એક શખ્સને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી કરી હતી.

વિગત એવી છે કે ઉનાવાથી સુરપુરા જવાના રોડ પર આવેલ એક ખેતરની ઓરડીમાં રાજસ્થાનથી માણસો બોલાવી ભારતીય બનાવટનો નકલી દારૂ બનાવી તેનુ વેચાણ કરવામાં આવતુ હોવાની મળેલ હકિકતના આધારે મહેસાણા લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમે બપોરના સમયે અચાનક દરોડો પાડ્યો હતો. જેમાં સ્થળ પરથી દારૂના વીસ બોક્સમાં ભરેલી વિવિધ બ્રાન્ડની દારૂની ૪૮૦ નંગ બાટીઓ, ૧૫ છૂટક બોટલો, કેરબામાં બરેલ ૭૦ લીટર પ્રવાહી, બોટલના બૂચ નંગ-૭૭૦, પ્લાસ્ટીકની ટાંકી, રબર પાઈપ, એક મોટર સાયકલ નં. જીજે.૦૨.ડીબી.૨૨૮૩ મળી કુલ ૨,૨૪,૬૫૦ની કિંમતની મત્તાનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

# મોડાસા પાલિકાના પ્રમુખ કોણ ? ૧૬ માર્ચે ફેંસલો

મોડાસા નગરપાલિકાની ચૂંટણીમાં ફરી ભાજપા સત્તામાં આવ્યું છે. ત્યારે મોડાસા પાલિકામા પ્રમુખ કોણ !! તેને લઈને રાજકારણ ગરમાયુ છે. તા. ૧૬ માર્ચે મોડાસાના પ્રથમ મહીલા કોણ તે નક્કી થશે. જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા તા. ૧૬ માર્ચના રોજ સવારે ૧૧ કલાકે મોડાસા પાલિકાની સામાન્ય સભા બોલાવવા તથા અધ્યાસી અધિકારી તરીકે બાયડ પ્રાંત અધિકારીની નિયુક્તી કરી છે.

જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી જંગમાં ઠેર ઠેર કમળ ખિલ્યુ છે. જે રીતે કોંગ્રેસની પીછેહઠ જોવા મળી તે જોતાં વર્ષ-૨૦૨૨માં યોજાનારી વિધાનસભાની સામાન્ય ચૂંટણી માટે કોંગ્રેસમાં અત્યારથી ફડક પેસી છે. મોડાસા નગરપાલિકાના અપેક્ષા મુજબના પરીણામ આવતાં ભાજપામાં ખુશીની લહેર જોવા મળી.

મોડાસા શહેરના લઘુમતી મતદારો ઉપરથી કોંગ્રેસ પક્કડ ગુમાવતી હોવાનું ચિત્ર પણ જોવા મળ્યું છે. ચૂંટણી સંપન્ન થઈ છે મોડાસા પાલિકામાં પ્રમુખ-ઉપપ્રમુખ કોણની ચર્ચા ચાલી છે. મોડાસા પાલિકામાં પ્રમુખ પદ માટે રોસ્ટર પોઈન્ટ-૪ મુજબ સામાન્ય સ્ત્રી બેઠક આવતાં ૩ મહીલા ઉમેદવારો વચ્ચે મુખ્ય સ્પર્ધા દેખાય છે. ભાજપા મેન્ડેડ આપી પ્રમુખ-ઉપપ્રમુખ પદના ઉમેદવારોને મેદાનમાં ઉતારશે તે જોતાં મોડાસા શહેર અને ભાજપા કાર્યકરોની મીટ તા. ૧૬ માર્ચ ઉપર મંડાઈ છે.

**પોળો સતીમાતા કેમ્પ સાઈટ ખાતે**

# વિજયનગરની પોળોની જીવ સૃષ્ટિ, વનૌષધિઓના અભ્યાસ માટે ઈસરોના નિવૃત્ત વૈજ્ઞાનિકોની બે દિવસીય શિબિર સંપન્ન

**એકત્ર થનારી માહિતીનું દસ્તાવેજીકરણ બાદ વન વિભાગ દ્વારા ભાવિ આયોજન કરાશે**

બાયડ, હિંમતનગર, તા.૦૭

વિજયનગર તાલુકાના




પોળો સતીમાતા કેમ્પ સાઈટ ખાતે પક્ષી સહિતના ઊંડા અભ્યાસ માટે યોજાયેલી બે દિવસીય શિબિરનું આજે સમાપન થયું છે.આ શિબિરમાં પોળો જંગલોની જીવ સૃષ્ટિ, વનૌષધિઓનું સૌપ્રથમવાર ઈસરોના નિવૃત્ત વૈજ્ઞાનિક, ઉત્તર ગુજરાત યુનિવર્સીટીના પ્રાધ્યાપક અને નિષ્ણાંતો, નિવૃત વન અધિકારીઓ દ્વારા વૈજ્ઞાનિક ઢબે કરવા ઉડી વિગતે શિબિરમાં માહિતી મેળવાઈ હતી.

આ અભ્યાસ વર્ગમાં સમગ્ર ગુજરાતના જીવ, પ્રાણી અને વનસ્પતિ શાસ્ત્રના વિદ્યાર્થીઓએ પણ ભાગ લઈ તાલીમ લીધી હતી.. અહીં એકત્ર થનારી માહિતીનું દસ્તાવેજીકરણ બાદ વન વિભાગ દ્વારા ભાવિ આયોજન પણ કરાશે તેમ જીલ્લા વન અધિકારી અને વાઈલ્ડ લાઈફ વોર્ડને જણાવ્યું હતું.

પોળોના જંગલો તેની કુદરતી સૌંદર્યતાના લીધે સમગ્ર વિશ્વમાં ખ્યાતિ પ્રાપ્ત કરી ચુક્યા છે જે વનૌષધિઓ, પક્ષીઓ, પ્રાણીઓ જીવજંતુઓ અને વનસ્પતિઓનું સૌપ્રથમવાર વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરવા માટે આ બે દિવસીય કાર્ય શિબિર નિવૃત્ત વન અધિકારી ઉદય વોરા, અનિલ જોહરી, ઈસરોના નિવૃત્ત વૈજ્ઞાનિક ડૉ.પ્રભુદાસ ઠક્કર, ઉત્તર ગુજરાત યુનિવર્સીટી ના પ્રાધ્યાપક ડૉ નિષિથ ધારૈયા અને નિષ્ણાંતોની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો.

જિલ્લા નાયબ વન સંરક્ષક યોગેશભાઈ દેસાઈ અને જીલ્લા વાઈલ્ડ લાઈફ વોર્ડના મયુરભાઈ રાઠોડે જણાવ્યું કે બે દિવસીય અભ્યાસ વર્ગમાં સમગ્ર ગુજરાત ના જીવ, પ્રાણી અનેવનસ્પ તિ શાસ્ત્ર ના વિદ્યાર્થીઓ પણ ભાગ લઈ તાલીમ મેળવી હતી.



## ડીસાનો આશ્રય સોની રાજ્ય કક્ષાની વકૃત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમે

ડીસા

જેસીઆઈ વડોદરા સંસ્કારી નગરી દ્વારા "મારી વ્હાલી માતૃભાષા" વિશે વકૃત્વ સ્પર્ધા રાખવામાં આવેલ જેમાં રાજ્યમાંથી ઘણા સ્પર્ધકોએ ભાગ




લીધેલ. આ સ્પર્ધામાં ડીસાનો ૧૨ વર્ષીય આશ્રય વ્રજેશકુમાર સોની પ્રથમ ક્રમે રહેતા તેને સર્ટીફીકેટ અને ટ્રોફી એનાયત કરી સન્માનીત કરવામાં આવેલ.

બાળકોએ માતૃભાષા શા માટે બોલવી જોઈએ, માતૃભાષામાં શિક્ષણ લેવાથી શું ફાયદા થાય અને બાળકોનો માનસિક વિકાસ માતૃભાષામાં કેવી રીતે વધુ થાય છે તે સમજાવવાના આશયથી આયોજિત આ વકતૃત્વ સ્પર્ધામાં આશ્રય સોનીએ ચોટદાર સ્પીચે નિર્ણાયકોને પણ મંત્રમુગ્ધ કરી દીધા હતા. તેની બોલવાની છટા અને હાવભાવના કારણે તેને પ્રથમ નંબર આપી તે જીવનમાં ખૂબ પ્રગતિ કરે અને પોતાના વક્તવ્યો દ્વારા લોકજાગૃતિના કાર્યો કરતો જ રહે તેવા આશીર્વાદ પણ આપ્યા હતા.

**'રામ રાખે તેને કોણ ચાખે' યુક્તીને સાર્થક કરતા દ્રશ્યો**

# મોડાસા-શામળાજી રોડ પર કાર ત્રણ ચાર પલ્ટી મારી ઉંધા માથે પછડાઈ, ત્રણનો બચાવ

મોડાસા-શામળાજી રોડ પર પડેલા ખાડાઓને લીધે વાહનચાલકો સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવતા પલટી ખાવાની ઘટનાઓ સતત બની રહી છે આવી જ વધુ એક ઘટના બની હતી જેમાં રોડ પરથી પુરપાટ ઝડપે પસાર થતી કારના ચાલકે સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવતા મરડીયા નજીક ત્રણ-ચાર પલ્ટી ખાઈ રોગ સાઈડ પહોંચી ઉધા માથે પછડાઈ હતી



સદનીસબે કારમાં સવાર ત્રણ લોકોનો આબાદ બચાવ થતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોના મુખ માંથી રામ રાખે તેને કોણ ચાખેના શબ્દો સરી પડ્યા હતા.

મરડીયા પાટીયા થી ટીંટોઈ રોડ પર પસાર થઈ રહેલી કારના ચાલકે અગમ્ય કારણોસર સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવતા ધડાકાભેર પલ્ટી માર્યા પછી સતત ત્રણ ચાર પલ્ટી ખાઈ રોગ સાઈડ ધડામ સાથે ઉંધા માથે રોડ પર પટકાઈ હતી અકસ્માતની ઘટનાના પગલે આજુબાજુમાંથી મોટી સંખ્યામાં લોકો દોડી આવ્યા હતા કારમાંથી ત્રણ લોકો સહીસલામત નીકળતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ હાશકારો અનુભવ્યો હતો.

## ઊંઝા ખાતે ધોળા દિવસે પીકઅપ ડાલાની ઉઠાંતરી

ઊંઝા ખાતે બી.પી. બ્રહ્મભટ્ટ આર્ટસ કોલેજની પાછળના ભાગે રોડ પર પાર્ક થયેલ એક પીકઅપ ડાલાની ધોળા દિવસે કોઈ અજાણ્યા શખ્સો ઉઠાંતરી કરી ગયા હોવાનો બનાવ બનતાં વાહન માલિકોમાં ચિંતાની લાગણી ફેલાઈ છે. સુરેન્દ્રનગર જિલ્લાના લીમડી તાલુકાના નાના ટીંબલા ગામના જયંતિભાઈ અજીજભાઈ મેટાલીયા પોતાના કુટુંબી ભાઈનું પીકઅપ ડાલુ નં. જીજે.૧૩.એક્સ.૧૨૭૬ માં જીરૂ ભરીને વેચાણ માટે ઊંઝા માર્કેટયાર્ડમાં આવ્યા હતા. દરમ્યાન સવારના સમયે વાહનની સર્વિસ કરાવીને પીકઅપડાલુ આંખની હોસ્પિટલ પાસેના રોડ પર પાર્ક કરી ગંજબજારમાં જીરાના વેચાણનો હિસાબ લેવા માટે ગયા હતા ત્યારે બપોરના સમયે ધોળા દિવસે કોઈ તસ્કરો આ પીકઅપ ડાલાની ઉઠાંતરી કરી ગયા હતા.

## પીકઅપ ડાલાની હડફેટે સાયકલ સવારનું મોત

ઊંઝા નજીકના મક્તુપુરા ગામના ઠાકોર વદેસિંહ કાનાજી સવારના સમયે સાયકલ હંકારીને હાઈવે પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે મકતુપુર હાઈવે પર સિદ્ધપુર તરફથી આવેલ પીકઅપ ડાલા નં. જીજે.૦૧.ઈટી.૨૨૮૫ના ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે વાહન હંકારીને સાયકલીસ્ટને ટક્કર મારી હતી. જેથી સાયકલ સવારને શરીરે ગંભીર ઈજાઓ થતાં તેમનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યુ હતુ. આ બનાવ અંગે મૃતકના પુત્રની ફરિયાદના આધારે ઊંઝા પોલીસે પીકઅપ ડાલાના ચાલક સામે ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી છે.

વિ.વ.શ્રી કે. એમ. પટેલ

બાયડના મે. પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. બાયડ

ફો.પ.અ.નં.૨૭/૨૦૨૦

અરજદાર : પટેલ ચંદુભાઈ દેવશીભાઈ, રે. વાત્રક ગઢ કંપા, તા. બાયડ

વિરુદ્ધ

સામાવાળા : જન્મ નોંધણી અધિકારીશ્રી, વાત્રક ગઢ ગામ પંચાયત કચેરી, તા. બાયડ, જી. અરવલ્લી

અરજ : જન્મ-મરણ અધિનિયમની કલમ ૧૩(૩) મુજબ

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસ આપી જાણ કરવામાં આવે છે કે, અત્રેની કોર્ટમાં ફો.પ.અ.નં. ૨૭/૨૦૨૦ના કામના અરજદાર પટેલ ચંદુભાઈ દેવશીભાઈના લગન શારદાબેન સાથે થયેલા જેમના સહવાસથી ૩ સંતાનોના પિતા બનેલા જેમનું નામ રમીલાબેન, પુત્ર મુકેશકુમાર અને સાવિત્રીબેનનો જન્મ થયેલો. જેમાં અરજદારના પ્રથમ પુત્રી રમીલાબેનનો જન્મ તા. ૨૦/૮/૧૯૬૯ના રોજ ઘરે થયેલો. બીજા પુત્રી મુકેશભાઈ ચંદુભાઈનો જન્મ તા. ૨૩/૭/૧૯૭૧ના રોજ વાત્રક મુકામે ઘરે થયેલ. તેમના ત્રીજા પુત્રી નામ સાવિત્રીબેન ચંદુભાઈનો જન્મ તા. ૨૦/૧/૧૯૭૩ના રોજ સહજ પ્રસુતિથી ઘરે જ થયેલો. જેમનું જન્મ પ્રમાણપત્ર મેળવવા સારુ વાત્રક ગઢ ગામ પંચાયતમાં અરજી કરેલ ત્યાંથી જન્મની નોંધણી કરેલી નથી એવું પ્રમાણપત્ર આપેલું. શરતચૂકથી જે તે સમયે જન્મની નોંધણી વાત્રક ગઢ ગ્રામ પંચાયત કચેરીમાં કરાવવાની કારણ રહી ગયેલ જેની જન્મની નોંધણી સામેવાળાની કચેરીમાં કરાવવી જરૂરી છે. નોંધણી સિવાય પ્રમાણપત્ર મળી શકેલ એમ નથી. આ પ્રમાણપત્ર મેળવવા સારુ અરજદારે નામ.કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. જે અંગે કોઈ ઈસમને કોઈ વાંધો કે વિરોધ હોય તો અત્રેની કોર્ટમાં મુદત તા. ૩/૪/૨૦૨૧ના રોજ જાતે હાજર રહી લેખિતમાં વાંધાઓ રજૂ કરવા. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો નામદાર કોર્ટ આગળની યોગ્ય તે કાર્યવાહી હાથ ધરશે જેની જાહેર જનતાએ નોંધ લેવી.

આજરોજ તા. ૨જી માહે માર્ચ સને ૨૦૨૧ના રોજ સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | હુકમથી |
| --- | --- | --- | --- |
| સહી/- | સહી/- | કોર્ટનો સિક્કો | સહી/- |
| (ડી.જી. જોષી( | એમ.એ. મલેક) | | (સી.બી. દવે) |
| સુપ્રીટેન્ડન્ટ | સુપ્રીટેન્ડન્ટ | | રજીસ્ટ્રાર |
| | | | પ્રિન્સિપાલ સિની સિવિલ કોર્ટ |